# સેકટર-૧૬ના ભરચક વિસ્તારમાં કારના કાચ તોડી અઢી લાખની ઉઠાંતરી

## ટેન્ડર ભરવા ઉપાડેલા રૂપિયા ગઠીયાઓ પાંચ મિનિટમાં ઉપાડી ગયા

ગાંધીનગર, તા. ૧૫

શહેરનાં સે. ૭માં રહેતા એક કોન્ટ્રાક્ટર સે. ૧૬માં એચ.ડી.એફ.સી. બેંકમાંથી રૂપિયા અઢી લાખ ઉપાડીને એક ટેન્ડર ભરવા માટે ડ્રાફ્ટ તૈયાર કરવા જવા નીકળ્યા હતા. એફડીએફસી બેંક પાસેની ડીસીબી બેંક સામે તેમણે પોતાની કાર પાર્ક કરી અને ચા પીવા ઉભા રહ્યા ત્યાં સુધીમાં તેમની કારનો કાચ તોડીને ગઠીયા રૂપિયા અઢી લાખ ભરેલી હેન્ડ બેગની ઉઠાંતરી કરી રફુચક્કર થઈ ગયાની ઘટના ધોળે દિવસે બનવા પામી છે. સે. ૨૧ પોલીસે કોન્ટ્રાક્ટરની ફરીયાદને આધારે ગુનો દાખલ કરી કોઈ જાણભેદુ શખ્સ હોવાની આશંકા સાથે તપાસના ચક્રો ગતિમાન કર્યા છે.

શહેરના સેક્ટર-૭-ડી પ્લોટ નં. ૧૨૭૮/૧ ખાતે રહેતા કોન્ટ્રાક્ટર મેહુલભાઈ ભાલચંદ્રભાઈ ઠાકરને આજે એક ટેન્ડર ભરવાનું હોવાથી ડ્રાફ્ટ કઢાવવા માટે રૂપિયા ઉપાડવા બેંકમાં ગયા હતા. બપોરે સે. ૧૬ સ્થિત એચ.ડી.એફ.સી. બેન્કમાંથી તેમણે રૂ. ૨.૫૦ લાખ ઉપાડ્યા અને હેન્ડ બેગમાં રૂપિયા ભરી તેમની ઝેન ગાડી નં. જીજે-૧૮-એ-૩૭૫૮ માં બેગ મુકી હતી. બેગ કારમાં ડ્રાઈવર સીટની બાજુમાં મુકીને એચડીએફસીથી નીકળ્યા બાદ બાજુમાં સ્થિત ડીસીબી બેંક સામે ગાડી પાર્ક કરી મેહુલભાઈ ગાડીને લોક કરી ચા પીવા ઉભા રહ્યા હતા. પાંચ મિનિટમાં ચા પીને તેઓ ગાડી પાસે પહોંચ્યા તો ચોંકી ઉઠ્યા હતા. ગાડીની ડાબી બાજુના દરવાજાનો કાચ ફોડીને કોઈ ગઠીયો રૂપિયા અઢી લાખ કેશ ભરેલી બેગની ઉઠાંતરી કરી રફુચક્કર થઈ ગયા હતા. બેગમાં એક કોરી ચેકબુક અને અન્ય દસ્તાવેજો પણ હતા. બપોરે ૧૨ વાગ્યાથી ૧૨.૦૫ વાગ્યા સુધીના એટલે કે માત્ર પાંચ મિનિટના સમયગાળામાં આ ઘટના બનવા પામી હતી. એએસપી કરણરાજ વાઘેલા, એલસીબી પીઆઈ આશુતોષ પરમાર સહીત સે. ૨૧ પોલીસની ટીમ ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી અને મેહુલભાઈ ટેન્ડર ભરવાનું હોવાથી તે કામે ચાલ્યા ગયા હતા. સાંજે મેહુલભાઈ પોલીસ સ્ટેશને ફરીયાદ કરવા ગયા ત્યારે પોલીસે ગુનો દાખલ કર્યો હતો. તો બીજી તરફ ભરચક વિસ્તાર અને સતત અવરજવર રહે છે. તેવા આ વિસ્તારમાં ધોળે દિવસે ગઠીયાઓએ કરેલી આ હિંમત પોલીસ માટે પડકારરૂપ સાબિત થઈ છે. જો કે કોન્ટ્રાક્ટરને તો આ એક કટીંગ ચા અઢી લાખ રૂપિયામાં પડી તે પણ તેટલી જ વાસ્તવિક બાબત છે.

**શહેરના કોન્ટ્રાક્ટરને અડધી-ચા અઢી લાખમાં પડી...!**






# સે-૨૪માં જ-૧ કક્ષાના ૪૨ મકાનોનુ ટૂંકમાં રીનોવેશન

## આઈ.આઈ.ટી.ની હાસ્ટેલના આવાસોનુ નવીનીકરણ કરાશે

ગાંધીનગર, તા.૧૫

સે-૨૪માં આઈ આઈ ટી ની હોસ્ટેલને ફાળવવામાં આવેલા જ-૧ કક્ષાના આવાસોનુ ટૂંકમાં રીનોવેશન હાથ ધરવામાં આવશે. ૮ બ્લોકના રીનોવેશન પાછળ અડધા કરોડનો ખર્ચ કરવામાં આવશે. આ મામલે ટેન્ડર પ્રક્રીયા હાથ ધરવામાં આવી છે.

શહેરમાં તબક્કાવાર સરકારી આવાસોનુ રીનોવેશન હાથ ધરવામાં આવી રહયું છે. આમછતાં શહેરમાં ખંડેર હાલતમાં હાય તેવા આવાસોની સંખ્યા વિશેષ છે.એકબાજુ માર્ગ મકાન વિભાગ દ્વારા નિકાલ હેઠળના સરકારી આવાસોના સ્થાને ટાવર કાલોની ઉભી કરવાનુ આયોજન કરવામાં આવ્યું છે. બીજીતરફ સેકટરોમાં સ્થિત વિવિધ કક્ષાના સરકારી આવાસોનું પણ મજબૂતીકરણ હાથ ધરવામાં આવી રહયું છે. આવાસ રીનોવેશનની પ્રક્રીયાના અંતે પણ સરકારી આવાસોની છત સલામત ન હાવાનો સુર ઉઠવા પામ્યો છે. ત્યારે આવાસોની છત સલામત બનાવવા પણ તંત્ર દ્વારા કવાયત હાથ ધરવામાં આવી છે.સે-૨૪ માં સ્થિત જ-૧ કક્ષાના સરકારી આવાસોનુ પણ ટૂંકમાં રીનોવેશન હાથ ધરવામાં આવશે. સુત્રોના જણાવ્યા મુજબ સે-૨૪ માં જ-૧ કક્ષાના ૮ બ્લોકને રીનોવેશન હેઠળ આવરી લેવામાં આવશે.આ મકાનો આઈ આઈ ટીની હોસ્ટેલ માટે ફાળવવામાં આવ્યા છે. આ કામગીરીને અનુલક્ષી ટેન્ડર પ્રક્રીયા હાથ ધરવામાં આવી છે.મકાનોના રીનોવેશન પાછળ રૂ ૫૦ લાખનો ખર્ચ કરવામાં આવશે.જયારે આગામી નવ મહીનામાં હોસ્ટેલ બિલ્ડીંગના આવાસોનુ કામ પૂર્ણ કરી દેવામાં આવશે.અન્ય સેકટરોમાં પણ સરકારી આવાસોના મજબૂતીકરણના કામમા ઝડપ આવે તેવી પ્રબળ માંગ ઉઠવા પામી છે.

# હજુ માવઠાની શક્યતાઓ

ગાંધીનગર, તા. ૧૫

છેલ્લા એકાદ-બે દિવસથી પુનઃ ગરમીમાં વધારો થયો છે પરંતુ આગામી અઠવાડિયામાં પુનઃ વરસાદ-કરાંના સંજોગો ઉભા થવાની શક્યતાઓ છે.

ગાંધીનગરના જાણીતા હવામાનશાસ્ત્રી અંબારામ દા. પટેલે આગાહી કરી છે કે આ વખતે કેટલાક જાણ્યા અજાણ્યા બળોના કારણે મોસમે કરવટ લીધી છે. હમણાંને હમણાં પશ્ચિમી વિક્ષેપની અસરોના લીધે શિયાળામાં પણ કમોસમી વરસાદ થવામાં છે જ્યારે ઉનાળામાં ચોમાસા જેવા લક્ષણો જણાય છે. ઘણી વખત ચૈત્ર માસમાં આવા ભેજયુક્ત ફરકડાં આવે અને વરસાદ વરસાવે જેની અસર વરસાદના ગર્ભ ઉપર વિપરીત થતી હોય છે. સામાન્ય તહ ચૈત્રી દનીયા તપવા જોઈએ એટલે કે ચૈત્ર વદ છઠથી ચૌદસ સુધી તાપ પડવો જોઈએ. ચૈત્ર માસમાં લુ ભર્યા પવનો ફુંકાય અને વૈશાખમાં ધુળભરી આંધી ચાલે તો ચોમાસુ વરસાદના શુભ સંકેત ગણાય છે. આ વખતે ચૈત્ર માસમાં ચોમાસાના લક્ષણો જણાયા છે. ચોમાસા અંગેની ફન્ડામેન્ટલ સિસ્ટમ યોગ્ય રહેશે પરંતુ વર્ષણ ઉપર તેની અસર થઈ શકે. આ વખતે કવચિત અલનીનોની અસર થઈ શકે. ક્યારેક ધાર્યા કરતાં વહેલી અસર ભૌગોલિક કારણસર આવી શકે. ચૈત્ર માસમાં વરસાદ થયો હોવા છતાં જો વૈશાખમાં આંધી પવન ચાલે અને ગંગા જમનાના મેદાન તપે તો પણ ચોમાસુ સંજોગો ઉજળા બની શકે. અર્થાત વર્ષા ગર્ભ ઉપર અસર થવા છતાં દક્ષિણ-પશ્ચિમ ચોમાસાની ગતિવિધિ જૂનથી સપ્ટેમ્બર માસમાં જોવા મળે અને ઓક્ટોબર માસમાં વરસાદ થઈ શકે.

આ વખતનું ચોમાસુ ધુળભરી આંધી સાથે વહેલુ આવી પણ શકે. ભૌગોલિક બાબતો અને અન્ય બાબતો જોતા એપ્રિલ ૧૬ થી ગરમી વધે. તા. ૧૭, ૧૮, ૧૯ એપ્રિલે ઉત્તરીય પર્વતીય પ્રદેશમાં વાતાવરણ પલ્ટાય. આંધી વંટોળ જણાય. દરિયા કિનારે પવન ફુંકાવાની સાથે વાદળવાયુ વંટોળના સંજોગો ઉદ્‌ભવી શકે. આ બાબતો વૈશાખમાં ઋતુજન્ય ગણાય. તા. ૨૨ થી ૨૬ દેશના પશ્ચિમ ભાગ, મહારાષ્ટ્ર, ગુજરાતના ભાગોમાં વંટોળ સાથે કરાની વકી રહે. એપ્રિલ તા. ૨૬ થી કાળઝાળ ગરમી પડવાની વકી રહે. ઉત્તર ગુજરાત-સૌરાષ્ટ્રમાં આંધી સાથે ગરમી જણાય. કેટલાક ભાગોમાં ૪૩ ડિગ્રીથી વધુ તાપમાન જતુ જણાય.

# સે-૨૮ બાલોદ્યાનના તળાવનુ રીનોવેશન સંપન્ન

## હવે સહેલાણીઓ માટે બોટ તરતી થશે : સબ-તળાવના રીનોવેશન પાછળ ૨૦ લાખ ખર્ચાયા

ગાંધીનગર, તા.૧૫

સે-૨૮ના બાલોદ્યાનમાં તળાવના રીનોવેશનનું કામ હાથ ધરવામાં આવ્યુ હતું તળાવ રીનોવેશનની કામગીરી પાછળ રૂ ૨૦ લાખનો ખર્ચ કરવામાં આવ્યો છે.તળાવના નવીનીકરણની કામગીરી પૂર્ણ થતાં હાલ પાણી ભરીને ટેસ્ટીંગ કરવામાં આવી રહયું છે.આગામી તા ૨૫ એપ્રિલથી તળાવમાં બોટ તરતી મુકી દેવાશે.



શહેરના જૂના અને જાણીતા બાલોદ્યાનમાં છેલ્લા એક મહીનાથી તળાવનું રીનોવેશન કામ હાથ ધરવામાં આવ્યું હતું. સહેલાણીઓમાં આર્કષણનુ કેન્દ્ર બનેલા આ ઉધાનમાં અગાઉ ભૂલકાઓની છૂકછૂક ગાડી પણ બંધ હાલતમાં હતી. જો કે મીની ટ્રેઈન આખરે શરૂ કરી દેવામાં આવી છે. જયારે તળાવના રીનોવેશનનું કામ પણ પૂર્ણ કરી દેવાયુ છે. વર્ષો જૂના તળાવમાં પાણી લીકેજની સમસ્યા ઉદભવી હતી.જેને ધ્યાને લઈ તંત્ર દ્વારા તળાવનું રીનોવેશન હાથ ધરવામાં આવ્યું હતું. વેકેશનની મૌસમ નિખરી છે. ત્યારે ટૂંકમાં જ તળાવમાં બોટ તરતી મુકવામાં આવશે. હાલની સ્થિતિએ સહેલાણીઓ માટે તળાવમાં ૫ જેટલી બોટ મુકવામાં આવશે.આગામી તા ૨૫ એપ્રિલથી મુલાકાતીઓ માટે તળાવમાં બોટીંગની સુવિધા ઉપલબ્ધ કરવામાં આવશે.મીની ટ્રેઈનની સાથે તળાવને પણ સજ્જ કરી દેવાતા વેકેશનમાં સહેલાણીઓની ભીડ ઉમટશે.રજાઓના દિવસોમાં બાલોદ્યાનની રોનક નિખરશે. ચાર વર્ષ અગાઉ બાલોદ્યાનમાં સ્થિત તળાવમાં મશીન બોટ મુકવાનો વિચાર કરવામાં આવ્યો હતો. પરંતુ આ વિચાર પડતો મુકાતાં તળાવમાં નવી પેડલ બોટ મુકવામાં આવી હતી.બીજીતરફ બાલાદ્યાનને નવારૂપરંગ આપવાનો પ્રોજેકટ પણ વિસરાઈ ગયો છે.માર્ગ મકાન વિભાગ દ્વારા હાલના તબક્કે થાગડ થીગડ કરી ઉદ્યાનને જીવંત રાખવાનો અભિગમ અપનાવાયો છે.

# સ્વચ્છતા નિધિમાં ફોર્ડ ઈન્ડિયાનો દસ લાખ રૂપિયાનો ફાળો

ગાંધીનગર, તા.૧૫

મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબહેન પટેલને આજે ફોર્ડ ઈન્ડીયા લી. ના ગ્લોબલ CEO શ્રીયુત માર્ક ફિલ્ડે રૂબરુ મળીને મુખ્યમંત્રીશ્રી સ્વચ્છતા નિધિમાં રૂ. ૧૦ લાખના દાનનો ચેક અર્પણ કર્યો હતો.

મુખ્યમંત્રીશ્રીએ તાજેતરમાં વિશ્વખ્યાત મોટરકાર ઉત્પાદક ફોર્ડ ઈન્ડીયા લી. ના સાણંદ ખાતેના નવિન પ્લાન્ટ તથા નવી કાર લોન્ચીંગ વેળાએ સમાજદાયિત્વ નિભાવવા કરેલી પ્રેરક અપિલનો પ્રતિસાદ આપતાં ઘર-ઘર ટોયલેટનો સંકલ્પ પાર પાડવા ફોર્ડ ઈન્ડીયા લી. એ મુખ્યમંત્રીશ્રી સ્વચ્છતા નિધિમાં આ દાનની રાશિ અર્પણ કરી છે.

# જિલ્લામાં રસ્તાના ચાર કામો પાછળ રૂ ૧૬ કરોડનો ખર્ચ કરાશે

## કલોલ-માણસાના રસ્તાઓનુ રિસરફેસીંગનું કામ થશે

ગાંધીનગર, તા.૧૫

જિલ્લામાં માર્ગ નવીનીકરણ પાછળ રૂ ૧૬ કરોડના ખર્ચે વિવિધ ચાર માર્ગોના કામ હાથ ધરવામાં આવશે.કલોલ માણસા, વડસર ભોંયણ તેમજ મોખાસણ એપ્રાચ માર્ગનું કામ શરૂ કરવામાં આવશે. મોટાભાગના કામો સંદર્ભે ટેન્ડર પ્રક્રીયા પણ પૂર્ણ કરી દેવામાં આવી છે.ટૂંકમાં કામ શરૂ પણ કરી દેવામાં આવશે.

શહેરી વિસ્તારમાં માર્ગ નવીનીકરણની કામગીરીને અનુલક્ષી કરોડો રૂપિયાનો ખર્ચ કરવામાં આવે છે.આગામી દિવસોમાં મુખ્ય માર્ગો સહિત સેકટરોમાં બાકી રહેતી માર્ગ સુધારણાની કામગીરીને પણ ટૂંકમાં હાથ ધરવામાં આવશે. બીજીતરફ જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં પણ માર્ગ નવિનીકરણનું કામ હાથ ધરવામાં આવશે.સુત્રોના જણાવ્યા અનુસાર જિલ્લામાં રૂ ૧૬ કરોડના ખર્ચે માર્ગોના રીસરફેસીંગનુ કામ હાથ ધરવામાં આવશે.જેમાં કલોલ માણસાના સિંદબાજ હાટલથી તારાપુર રસ્તાનુ કામ હાથ ધરાશે.આ કામગીરી પાછળ રૂ ૭ કરોડનો ખર્ચ કરવામાં આવશે. ટેન્ડર પ્રક્રીયાના અંતે કામ શરૂ કરવામાં આવશે.

આ ઉપરાંત માણસા વિકાસ પથના રિસરફેસીંગ પાછળ પણ રૂ ૧.૫૦ કરોડનો ખર્ચ કરવામાં આવશે. વડસર-ભોંયણ માર્ગનું રીસરફેસીંગનુ કામ હાથ ધરવામાં આવશે. જે અન્વયે પણ રૂ ૧.૫૦ કરોડનો ખર્ચ કરવામાં આવશે.જયારે મોખાસણ એપ્રોચ અને પલીયડ- સોજા માર્ગને ચકાચક બનાવવા ઉપરાંત અનોડીયા એપ્રાચ રસ્તાના કામ માટે રૂ ૬ કરોડનો ખર્ચ કરવામાં આવશે.આ કામગીરી અન્વયે ફતેપુરા માણસા એપ્રાચ રસ્તાનુ પણ કામ પણ હાથ ધરાશે. આ પૈકી મોટાભાગના કામોની ટેન્ડર પ્રક્રીયા પૂર્ણ કરી દેવાઈ છે. ટૂંકમાં કામ પણ શરૂ કરી દેવાશે.





સમર કેમ્પ - વેકેશનના પગલે બાળકોને વિવિધ સર્જનાત્મક પ્રવૃત્તિમાં જોતરવા શિબિરો આરંભાશે... કડી કેમ્પસમાં આર.એન. લલિતકલા એકેડેમીના ક્રાફ્ટ ઝોનમાં નાના બાળકો માટે સમર કેમ્પનો ઉલ્લાસપૂર્વક આરંભ થયો છે... સર્જનાત્મક પ્રયોગો, જ્ઞાન સાથે ગમ્મત કરાવતી રમતો અને આત્મવિશ્વાસ કેળવાય એવી પ્રવૃત્તિઓના સંકલન દ્વારા આરંભાયેલ સમર કેમ્પમાં મોટી સંખ્યામાં બાળકો જોડાયા હતા. **(તસવીર : દિપક જાની)**

# માણસાની બે વિવાદિત શિક્ષિકાઓની બદલી

ગાંધીનગર, તા. ૧૫

ગાંધીનગર જિલ્લાના માણસા તાલુકાની માણસા પ્રાથમિક શાળામાં બે શિક્ષિકાઓ વચ્ચે થયેલી મારામારીના પ્રકરણમાં બન્ને શિક્ષિકાઓની તાત્કાલિક અસરથી બદલી કરી ખાતાકીય તપાસ હાથ ધરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે.

ચાલુ માસના પ્રથમ સપ્તાહ બાદ શાળાની આચાર્યા અને મદદનીશ શિક્ષિકા વચ્ચે કન્ટીજન્સી ગ્રાન્ટના નાણાંના વપરાશ બાબતે બોલાચાલી અને છુટાહાથની મારામારીનો બનાવ બન્યો હતો. આ બનાવ પોલીસ ચોપડે પણ પડ્યો છે.

તંત્રએ આ બનાવે ગંભીરતાથી લઈ બન્ને શિક્ષિકાઓની તાત્કાલિક અસરથી બદલી કરી અને ખાતાકીય તપાસના આદેશો જારી કર્યા છે.

# યુનિવર્સિટીની પરીક્ષા આરંભાઈ

અમદાવાદ, તા.૧૫

ગુજરાત યુનિવર્સિટી દ્વારા ચલાવવામાં આવતા સ્નાતક અને અનુસ્તાક કક્ષાના અભ્યાસક્રમની વાર્ષિક પરીક્ષા ચાર તબક્કાની પરીક્ષાનો આવતીકાલથી લેવામાં આવશે જેમાં બીએ.બી.કોમ બી એસ સી સેમેસ્ટર-૬ ની પરીક્ષા આવતીકાલથી લેવામાં આવશે. પ્રાપ્ત થતી માહીતી મુજબ બોર્ડ અને શાળાઓમાં વાર્ષિક પરીક્ષા પૂર્ણ થયા બાદ હવે આવતીકાલથી ગુજરાત યુનિવર્સિટીની પરીક્ષાઓનો પ્રારંભ થઈ રહ્યો છે. આ વખતે ગુજરાત યુનિવર્સિટી દ્વારા જુદા જુદા પ્રકારની સેમેસ્ટર વાર્ષિક પદ્દતથી પરીક્ષાઓ તેમજ સેમેસ્ટર સિસ્ટમ મુજબની રેગ્યુલર, એકસટર્નલ અને રીપીટર પરીક્ષાઓ કુલ ચાર તબક્કામાં લેવામાં આવનાર છે. જેમાં પ્રથમ તબક્કામાં આવતીકાલ બી.એ. બી. કોમ અને બીએસીનાં સેમેસ્ટર-૬ની પરીક્ષા લેવામાં આવશે ત્યાર બાદ તબક્કાવાર સ્નાતક અને અનુસ્થાતક કક્ષાની રેગ્યુલર, એકસટર્નલ અને રિપીટર પરીક્ષાઓ લેવામાં આવશે આ તમામ પરીક્ષાઓમાં કુલ મળીને અંદાજે બે લાખથી વધુ વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહેશે. પરીક્ષાને લઈ તમામ પ્રકારની બેઠક વ્યવસ્થા ગોઠવી દેવામાં આવી છે. ગરમીમાં વિદ્યાર્થીઓને ઠંડુ પાણી પરીક્ષા રૂમમાંજ મળી રહે તેવું આયોજન પણ ગુજરાત યુનિવર્સિટી સલગ્ન કોલેજો દ્વારા કરવામાં આવ્યો છે.

# કૃષિ ઉત્સવ સર્વાંગી કલ્યાણ મેળો બને તે ખુબ જરૂરી છે

## જમીન સંપાદન મુદ્દે ખેડૂતોને ગુમરાહ કરનારા અપપ્રચાર સામે સાચી સમજ આપવાનું દાયિત્વ નિભાવવાની જરૂર

ગાંધીનગર, તા. ૧૫

મુખ્યમંત્રી આનંદીબેન પટેલે આગામી કૃષિ મહોત્સવ-૨૦૧૫માં રાજ્ય સરકારના વિવિધ વિભાગોની જનકલ્યાણ યોજનાઓની સંપૂર્ણ માહિતી અને સહાય માટેના ફોર્મ પણ કૃષિમેળામાં આપીને આ મેળાઓ સર્વાંગી કલ્યાણ મેળા બની રહે તેવા સુદઢ આયોજનનો નિર્ધાર દર્શાવ્યો છે.

તેમણે બહુવિધ કિસાન હિતકારી યોજનાઓ, શુદ્ધ બિયારણ, ખાતર અને નવા સંશોધનો ખેડૂતના ખેતર સુધી પહોંચાડવા કિસાનશક્તિ-પદાધિકારીઓને પ્રેરક આહવાન કર્યું છે. મુખ્યમંત્રી રાજયભરના ધરતીપુત્રો-કિસાન મોરચાના પદાધિકારીઓની માર્ગદર્શક બેઠકને સંબોધી રહ્યા હતા. મુખ્યમંત્રીએ કૃષિ મહોત્સવના આ વર્ષના આયોજનમાં ટપક સિંચાઈના લક્ષ્યાંકો નિર્ધારિત કરી ઓછા પાણીએ મહત્તમ ખેતીવાડીને પ્રાધાન્ય આપવાની નેમ વ્યક્ત કરી હતી. જમીન સંપાદન વિષયે કિસાનોને ભ્રમિત કરનારાઓના અપપ્રચાર સામે ખેડતોને જમીન ઝુંટવી લેવાની કોઈ વાત નથી તે માટેની સરળ સમજ આપવાનું દાયિત્વ પદાધિકારીઓએ નિભાવવું જોઈએ તેમ તેમણે જણાવ્યું હતું. આ સંદર્ભમાં મુખ્યમંત્રીએ નર્મદા ડેમ માટે જમીન આપનારા આદિજાતી પરિવારો ખેડૂતોને યોગ્ય પુનઃસ્થાપન કરવામાં આવ્યું છે.

**જોઈએ છે**
**જુના કલર ટી.વી.**
**૧૪'', ૨૦'' અને ૨૧''**
**બાંધ હાલતામાં**
**સંપર્ક : શૈલેષભાઈ - મો. : ૯૭૧૪૧ ૯૮૩૬૬**

ADITYA BIRLA GROUP
લીકેજ-મુક્ત ઘરો માટે
UltraTech SEAL & DRY
Total Waterproofing Solution
Waterproofing ka champion
**શ્રી સ્વામીનારાયણ એન્ટરપ્રાઈસીસ**
એસ-૬, બીજો માળ, અપના બજાર, સેક્ટર-૬, ગાંધીનગર
**કોલ કરો : ૯૯૨૫૦ ૩૯૬૭૨, ૭૬૯૮૬ ૮૮૮૧૧.**
**મકાનના ૧૦૦% વોટર પ્રુફીંગ કામ માટે મળો.**

SANGHI CEMENT
KisaN
ashirvad C. PVC, UPVC
VINAYAK 500 TMT BARS - ISI
BENELAVE BATH FITTINGS
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ
**જગદીશ સ્ટીલ સ્ટોર્સ**
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮, ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા : સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી એલાઈડ ઓફસેટમાં છાપ્યું, બ્લોક નં. ૬૮૩/૨, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com